ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૪૬ ટકા

# આ વર્ષે શહેરમાં ઉત્તરાયણ ફીક્કી રહી











ગાંધીનગર, તા.૧૫

આ વર્ષે કોરોનાકાળ દરમિયાન ઉત્તરાયણ ઉજવાશે કે નહિ તે પ્રશ્ન હતો ત્યારે સરકાર દ્વારા ઉત્તરાયણ ઉજવવા માટે અમુક ગાઈડલાઈન સાથે મંજુરી આપવામાં આવી. શહેરીજનોએ પણ વર્ષ દરમિયાન તમામ તહેવાર ઉજવ્યા ન હોવાથી આ પ્રથમ તહેવાર ઉજવવા મળ્યો હોવાથી ખુશ જઝાતા હતા. શહેરમાં પણ અમુક સેકટરો સિવાય પતંગો ચગતા નહોતા. કોરોનાને કારણે શહેરીજનોએ ઉત્તરાયણનો તહેવાર શહેરમાં જ રહી પોતાના કુટુંબ સાથે ઉજવવાનો આગ્રહ રાખ્યો હતો. આ વર્ષે પ્રથમવાર સંપૂર્ણ ગાંધીનગરમાં પતંગ દેખા દેતા હતા. નાનાથી લઈ મોટા તમામ ઉત્સાહિત જણાતા હતા કૌટુંબિક ભાવના આ વર્ષે જળવાઈ હતી. મિત્રો સાથે દર વર્ષે ઉત્તરાયણ કરવા જતા યુવાનોએ પણ આ વર્ષે પરિવાર સાથે ઉત્તરાયણ ઉજવી હતી. સોશિયલ મીડિયામાં પણ હેશટેગ પે ત્યોહાર પરિવારજનો કે સાથે, કોરોના મુકત ઉત્તરાયણ જેવા હેશટેગે ધૂમ મચાવી હતી. સર્વેએ સાદગીથી ઉત્તરાયણ પરિવારજનો સાથે ઉજવી હતી ઘણા ઘરે કેક કપાઈ હતો તો ઘણા પરિવારજનોએ ભેગા થઈ ધાબા પર જમવાનું બનાવ્યું હતું. તો રાત્રી કેમ્પફાયર તો શિયાળામાં ભૂલાય જ નહીં સાથે ચિક્કી અને બોર ઓન ડિમાન્ડ હતા.

શહેરમાં બે દિવસ પવન પણ હતો જેનો કારણે શહેરીજનોને પતંગ ચગાવવા માટે રાહ જોવી પડી નહોતી બંને દિવસ શહેર રંગીન બન્યું હતું. છતાં કોરોનાના લીધે આ વખતની ઉત્તરાયણ કંઈક ફીક્કી જણાતી હતી. પતંગના વેચાણથી લઈ આકાશમાં પતંગ ઉડવા સુધી કોરોનાની અસર જણાઈ હતી. નવા અને જુના સેકટરો, સરગાસણ, કુડાસણની સોસાયટીમાં બધે જ શહેરીજનો પતંગ ચગાવતા જોવા મળ્યા હતા. કયાંક કયાંકથી લપેટ, કાપ્યો છે... અને બ્યુગલના નાદો પણ સંભળાતા હતા. ઉંધીયું-જલેબી, લીલવાની કચોરી અને પુરી કુટુંબીજનોએ ભેગા મળી આરોગી હતી. આકાશ રંગબરંગી પતંગોથી ભરાઈ ગઈ હતું, સમી સાંજે ફટાકડા ફૂટયા હતા. આમ ઉત્તરાયણનો પર્વ ઘણી સારી રીતે ઉજવવા મળ્યો તેની ખુશી શહેરીજનોએ અનુભવી હતી.

## ઉત્તરાયણ પર્વમાં ૧૦૮ ટીમને ૭૫ કોલ મળ્યા

### સે-૧૧ અને ડભોડા પાસે બાઈક ચાલક યુવકો દોરીથી ઘવાયા

ગાંધીનગર, તા.૧૫

ઉત્તરાયણનો તહેવાર ખુબ જ હર્ષોલ્લાસનો છે પણ ઘણી વખત નાગરિકો પતંગ ચગાવવામાં એટલા ખોવાઈ જતા હોય છે કે તે ભૂલી જાય છે કે રોડ રસ્તા પર ચાલતા કે બાઈક પર અવર જવર કરતા લોકોને અજાણતા ઈજા પહોંચાડીએ છીએ.

ગાંધીનગર જિલ્લામાં ૧૦૮ ઈમરજન્સી સર્વિસ ચોવીસ કલાક સ્ટેન્ડબાય હતી. જેમાં ઉતરાયણના દિવસે ૧૦૮ ટીમને ટોટલ ૭૫ જેટલા ઈમરજન્સી કોલ મળ્યા હતા. જેમાંથી એબ્ડોમીનલ પેઈનના ૩, પ્રેગ્નન્સી રિલેટેડ ૧૯, ટ્રોમાના ૩૫, હૃદય ની તકલીફ વાળા ૩ તેમજ અન્ય ૧૫ ઈમરજન્સી કોલ ગાંધીનગર ૧૦૮ ટીમ ને મળ્યા હતા.



ચ-૬ સર્કલ પાસે (ઉં- ૨૭ ) તૃષારભાઈ ઝાલા દહેગામથી ગાંધીનગર તરફ આવી રહ્યા હતા ત્યારે સેકટર-૨૧ પર ચાલુ બાઈકે તેમના ગળામાં પતંગની દોરી વીટળાઈ જતા ગળાના ભાગમાં ગંભીર રીતે ઈજાઓ થઇ હતી, ત્યાં ઉભેલા એક જાગૃત નાગરિકે તરત જ ૧૦૮ પર કોલ કરી જાણ કરી અને આ ઘટના ની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ ને થતા તરતજ ઈ એમ ટી બળવંતભાઈ અને પાયલોટ ભરતભાઈ ગણતરીની મિનિટોમાં ઘટના સ્થળે પહોચી ગયા હતા. ૧૦૮ ના ઈ એમ ટી બળવંતભાઈએ સ્થળ પર પહોંચી દર્દીની ઈજા તપાસી અને પ્રાથમિક સારવાર તેમજ ડ્રેસિંગ કરી દર્દી ને સાંત્વના આપી. ત્યાર બાદ સેકટર-૧૭ ની ૧૦૮ની ટીમ દ્વારા દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડ્યા હતા.

ડભોડાના રામ નગર પાસે (ઉ.વ.-૩૦) મહેશજી ઠાકોર તેમની પત્ની સાથે ડભોડાથી ચિલોડા તરફ આવી રહ્યા હતા તેજ સમયે ગળામાં ગંભીર ઈજાઓ થઈ હતી. આ બાબતની જાણ ચિલોડા ૧૦૮ એમ્બ્યુલન્સને થતા ગણતરીની મિનિટો માં ઈ એમ ટી કિશનભાઈ સોલંકી તડવી અને પાયલોટ ધરમસિંહ દેસાઈ દર્દી પાસે પહોંચી પ્રાથમિક સારવાર આપી તેમને પણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાસેડાયા હતા.

દરેક તહેવાર તેમજ દરેક ઋતુમાં ૨૪ કલાક ફરજ બજાવતા ૧૦૮ ના કર્મીઓની સેવા ખરેખર સરાહનીય છે.

## બહાદુર જવાનોની શહીદી પછી પણ તંત્ર જીવલેણ ચાઈનીઝ માંઝાનો વેપલો રોકવામાં નિષ્ફળ...!!



છેલ્લાં કેટલાંય વર્ષોથી ઉત્તરાયણમાં ચાઈનીઝ નાયલોન દોરીના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. તેમ છતાં જેમ દારૂબંધી હોવા છતાં છડેચોક દારૂ મળી રહે છે તેમ ચાઈનીઝ દોરીનો વપરાશ સરેઆમ થઈ રહ્યો છે. ચાઈનીઝ દોરીથી ઘાયલ થતા પક્ષીઓની ઈજા સામાન્ય દોરી કરતાં વધુ ઘાતક હોય છે તેટલું નહી પરંતુ માનવી માટે પણ આ દોરી જીવલેણ સાબિત થઈ રહી છે. વળી, તાજેતરમાં ગલવાણ ખીણમાં ચીન સાથેની અથડામણમાં આપણે આપણાં બહાદુર જવાનો ગુમાવ્યા છે જેના આક્રોશમાં દેશભરમાં ચાઈનીઝ ઉત્પાદનો પ્રત્યે રોષ ફાટી નીકળ્યો હતો અને ચોતરફથી તેનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે તેમ છતાં હજુ પણ કેટલાંક તત્વો પોતાની એક-બે દિવસની મોજમજા ખાતર અબોલ જીવો અને સામાન્ય નાગરિકો સહિત સૈનિકોના જીવની લેશમાત્ર તમા રાખ્યા વગર ચાનીઝીઝ દોરીનો વપરાશ કરી રહ્યા છે અને તંત્ર પણ ચાઈનીઝ માંઝાના વેપારને ડામવામાં શરમજનક રીતે નિષ્ફળ રહ્યું છે તે અત્યંત ખેદજનક કહી શકાય.

## મકરસક્રાંતિ પર્વે રોટરી કલબ ઓફ કેપિટલે 'વિશેષ' બાળકોને ખુશ કર્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની રોટરી કલબ ઓફ કેપિટલ દ્વારા મકરસક્રાંતિના પાવન પર્વ નિમિત્તે વિશેષ બાળકોને તલ-માવાની ચીકી, લાડુ અને પતંગ-દોરીનું વિતરણ કરી તેમના ચહેરા પર પ્રસન્નતા પ્રસરાવવા પ્રયાસ કર્યો હતો જે અંતર્ગત સેકટર-૧ ખાતેના વિશેષ એજયુકેશન સેન્ટર અને સેકટર-૧૯ ખાતેના શેરો પોઝિટીવ બાળકો માટેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમનો સમાવેશ થાય છે. આ સેવાકાર્યમાં સંસ્થાના પ્રમુખ ઈલાબેન વોરા ઉપરાંત અગ્રણી હોદ્દેદારો કાર્યકરો જેવા કે જગતભાઈ કારાણી, અમીબેન શાહ, લાભુબહેન ઓઝા, યુવરાજસિંહ વાઘેલા, વિભાબહેન ઠકકર, ગૌરાંગભાઈ રાવલ, ઉદયભાઈ વોરા, પાર્થ ઠકકર વગેરે જોડાયા હતા જયારે યજમાન સંસ્થાઓના હોદ્દેદારોમાં અંકિતા પટેલ, ચિરાગ ઉપાધ્યાય, દિપાલી ઉપાધ્યાય વગેરે આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## એક સાથે ૨૩ તુક્કલોથી શહેરના આકાશમાં સર્જાયો નયનરમ્ય નજારો

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના સેકટર-૫/સીમાં પતંગ શોખીન યુવાનો મહુલ છત્રીવાલા, જયશીલ પટેલ, હિતેશ પ્રજાપતિ અને ધ્વનિ છત્રીવાલા દ્વારા ઉત્તરાયણના દિવસે સાંજે એક જ મોટા પતંગ ઉપર ૨૩ (ત્રેવીસ) પરંપરાગત દેશી મીણબત્તીવાળી તુક્કલો ઉડાડવામાં આવી હતી.

પતંગ તથા તુક્કલના આ શોખીન યુવાનો દ્વારા ૨૩ તુક્કલો એક જ પતંગ ઉપર ઉડાડવામાં આવી ત્યારે આકાશમાં સોનાના હાર નેકલેસ જેવું નયનરમ્ય દ્રશ્ય સર્જાયું હતું.





પતંગના આ શોખીનો લગભગ છેલ્લા ૧૫ વર્ષોથી એક જ પતંગ ઉપર ૧૫ કરતાં વધુ દેશી મીણબત્તીની તુક્કલો ઉડાડી રહ્યા છે. આ વર્ષે પણ તેમણે કોરાનાની મહામારીનેધ્યાને રાખીને પૂરતી કાળજી સાથે તથા સલામત રીતે તુક્કલો ઉડાડી હતી.

આ યુવાનો દ્વારા હંમેશા ચાઈનીઝ તુક્કલો કે ઈલેકટ્રીક લાઈટની તુક્કલો ન ઉડાડતા દેશી મીણબત્તીની તુક્કલો કે જે વધુ મહેનત તથા કાળજી માંગલી લે તેવી જ ઉડાડતા આવ્યા છે.



જય ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગાંધીનગર શહેરમાં કરુણા અભિયાન અંતર્ગત સરકારશ્રીના નિયમ મુજબ બર્ડ ફ્લૂને ધ્યાનમાં રાખી ને પી.પી.ઈ કીટ પહેરી ને દોરીથી ઘવાયેલા પક્ષીઓની સારવાર કરવામાં આવી તેમજ જીવદયા દાખવી નિષ્ણાંત ડોકટર દ્વારા પક્ષીઓના જીવ બચાવવામાં આવ્યા હતા.

## આજે મધ્યાહન ભોજન કર્મચારીઓના એક દિવસના ઉપવાસ

ગાંધીનગર, તા.૧૫

મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ પગાર ધોરણ અને કાયમી કરવાની માંગ સાથે છેલ્લા કેટલાક સમયથી મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ દ્વારા અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવામાં આવી છે. તેમ છતા સરકારી તંત્ર દ્વારા કોઈ જ હકારાત્મક નિર્ણય લેવામાં આવ્યો નથી.ત્યારે રાજય સરકારની નિતીઓ રીતીઓ સામે કર્મચારીઓ, હોદેદારો દ્વારા વિરોધ કરાશે. જેમાં તા.૧૬ જાન્યુઆરીના રોજ મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓ પોતાના પરિવાર સાથે સવારે ૯ થી સાંજના ૬ કલાક સુધી ઉપવાસ કરશે. જયારે તા.૨૬ જાન્યુઆરીના રોજ ગાંધીઆશ્રમ ખાતે એક દિવસીય ઉપવાસ પર યોજનાના હોદેદારો ઉતરશે. જો તેમ છતા સરકાર દ્વારા મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓના પ્રશ્નોને વાચા નહી મળે તો તા.૧૭ ફેબ્રુઆરીના રોજ મંડળના પ્રમુખ અને ઉપપ્રમુખ દ્વારા સ્વૈચ્છીક ઈચ્છા મૃત્યુનો માર્ગ અપનાવશે.જેમાં મંડળના હોદેદાર ભાઈ-બહેનો પણ જોડાશે તેવું અલ્ટીમેટમ સાથે આવેદન પત્ર આપવામાં આવ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ રાજયની પ્રાથમિક શાળામાં મધ્યાહન ભોજન યોજનાના કર્મચારીઓને સરકાર દ્વારા ધારાધોરણ પ્રમાણે પગાર ધોરણ નહી મળતા આર્થિક શોષણનો ભોગ બની રહ્યા છે. હાઈકોર્ટ દ્વારા પણ લઘુતમ વેતન આપી કર્મચારીઓને કાયમી કરવા માટે હુકમ કરવા છતા તેની અમલવારી થતી નથી. ત્યારે સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા તે માંગણીઓ નહી સંતોષાતા તા.૧૬ ના રોજ એક દિવસનું ઉપવાસ આંદોલન કરવામાં આવશે. છેલ્લા સાડાત્રણ દાયકાથી સંચાલક, રસોઈયા અને મદદનીશ સામાન્ય વેતનમાં ફરજ બજાવે છે. તેમ છતા આ કર્મચારીઓની લાગણીઓ સરકારના બહેરા કાને સંભળાતી નથી. ત્યારે મંડળ દ્વારા તા.૧૬ ના રોજ સવારે ૯ થી ૬ એક દિવસીય ઉપવાસ પરિવાર સાથે યોજાશે. તા.૨૬ જાન્યુઆરીના રોજ ગાંધીઆશ્રમ ખાતે ઉપવાસ આંદોલન કરવામાં આવશે. ત્યારબાદ પણ સરકાર તરફથી કોઈ હકારાત્મક નિર્ણય નહી આવે તો તા.૧૭ ફેબ્રુઆરીના રોજ મંડળના પ્રમુખ ચંદનસિંહ વાઘેલા અને ઉપપ્રમુખ ઈચ્છા મૃત્યુનો માર્ગ અપનાવવા માટે અલ્ટીમેટમ સાથે આવેદન પત્ર ઉચ્ચકક્ષાએ આપ્યું છે.

## સિક્યુરીટીની નોકરી કરી ઘરે પરત જતા યુવકનું અકસ્માતમાં મૃત્યુ

### રાંધેજા શારદા એપાર્મેન્ટ પાસે ટ્રક ચાલકે બાઈકને ટકકર મારી હતી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર-માણસા માર્ગ પર રાંધેજા નજીક શારદા એપાર્ટમેન્ટની સામે ટ્રકની ટક્કરે શોભાસણના બાઈક ચાલક યુવકે જીવ ગુમાવ્યો છે. સિકયુરીટી ગાર્ડની નોકરી કરીને યુવક ઘરે જઈ રહ્યો હતો, તે સમયે આ ઘટના સર્જાઈ હતી. ત્યારે બનાવ અંગે પેથાપુર પોલીસે મૃતકના મોટાભાઈની ફરીયાદ નોંધી ફરાર ટ્રક ચાલકને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી વિગત મુજબ કલોલ તાલુકાના શોભાસણ ગામના ૨૯ વર્ષિય આનંદજી ચંદુજી ઠાકોર (ટેબાવાળો વાસ) વાવોલ ખાતે વૈદેહી સોસાયટીમાં સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતો હતો. ઉતરાયણના દિવસે સવારે નોકરી પુરી કરીને તે શોભાસણ ઘરે જઈ રહ્યો હતો. તે સમયે રાંધેજા શારદા એપાર્મેન્ટ પાસે આર.જે.૧૯.જી.સી.-૧૭૨૬ નંબરના ટ્રક ચાલકે બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતને પગલે માર્ગ પર યુવક પટકાતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બનાવની જાણ યુવકના પરિવારને થતા તેઓ તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ત્યારે માર્ગ પર અકસ્માત કરનાર ટ્રક પડ્યો હતો.જયારે ટ્રક ચાલક ટ્રક મુકીને ભાગી ગયો હતો. બનાવ અંગે મૃતકના મોટાભાઈની ફરીયાદને પગલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ. દિલીપ સરકાર, ઉ.વ. ૭૦, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. વાઘેલા રજુસિંહ લક્ષ્મણસિંહ, ઉ.વ. ૬૮, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. સથવારા છનાલાલ સેંધાભાઈ, ઉ.વ. ૭૨, મેઉ, તા.જી. મહેસાણા
- સ્વ. કૃષ્ણલાલ જનમેજય અડાલજા, ઉ.વ. ૮૯, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. અમરસિંહ રજુજી ચાવડા, ઉ.વ. ૬૧, લાકરોડા, તા. માણસા
- સ્વ. વાઘેલા રણજીતસિંહ નાથુસિંહ, ઉ.વ. ૭૨, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. મેલાજી વિહાજી ઠાકોર, ઉ.વ. ૬૭, મહુન્દ્રા, તા.જી. મહેસાણા
- સ્વ. મણીલાલ કરશનભાઈ મોચી, ઉ.વ. ૭૨, મણીપુર, તા. કડી, મહેસાણા
- સ્વ. રમેશભાઈ મંગાજી-ભીલ, ૪૩, સેકટર-૨૪, ગાંધીનગર
- સ્વ. સુથાર દયાશંકર આશારામભાઈ, ઉ.વ. ૬૪, સેકટર-૨૮, ગાંધીનગર
- સ્વ. વિદ્યાબેન રામજીલાલ શર્મા, ઉ.વ. ૭૫, લીમ્બોદ્રા, તા. માણસા
- સ્વ. સવિતા રોય, ઉ.વ. ૬૪, પાલજ, તા. ગાંધીનગર
- સ્વ. હરિદાસ જનાર્ધન નાયર, ઉ.વ. ૫, નવા પાલજ, તા.જી. ગાંધીનગર

**● રુદ્રભૂમિ અંતિમધામ ●**

- સ્વ. તેજલબેન શૈલેશભાઈ ભંગી, ઉ.વ. ૨૨, ધોળાકુવા, તા. ગાંધીનગર
- સ્વ. શકરીબેન તખુજી ઠાકોર, ઉ.વ. ૭૫, સરગાસણ, તા. ગાંધીનગર
- સ્વ. કોટીલ્ય જયંતિલાલ ભટ્ટ, ઉ.વ. ૬૬, સે-૩, ગાંધીનગર
- સ્વ. ચંદ્રકાન્ત આત્મારામ ઠકકર, ઉ.વ. ૬૬, વાવોલ, તા. ગાંધીનગર

## સે-૨૨નું વૃક્ષ છેદન અટકાવવા રાજયપાલને આવેદનપત્ર અપાશે

### પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત ચાલી રહેલી લડતમાં શહેર વસાહત મહાસંઘ સહિતની સંસ્થાઓના પ્રતિનિધિઓની બેઠકમાં નિર્ણય લેવાયો : શહેરમાં વિકાસકાર્યોના નામે આડેધડ વૃક્ષ છેદન સાંખી નહી લેવા સહમતી

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરમાં જયારથી સેકટર-૨૨માં આંતરિક માર્ગ પહોળો કરવા માટે આશરે ૩૦૦ જેટલાં વૃક્ષોનું નિકંદન કાઢવાનો નિર્ણય લેવામાં આવ્યો છે ત્યારથી શહેરના પ્રકૃતિ પ્રેમીઓની ઉંઘ હરામ થઈ જવા પામી છે. વૃક્ષોની કટૌતીથી શહેરના ભવિષ્ય માટે વિનાશક જણાતા આ વિકાસ કાર્યમાં વૃક્ષ છેદનને ટાળવામાં આવે તો માટે પ્રકૃતિ રક્ષા અભિયાન હેઠળ પ્રકૃતિ પ્રેમીઓ દ્વારા વિનમ્ર આંદોલન છેડવામાં આવ્યું છે જેને શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેર વસાહત મહામંડળ સહિતની ખમતીધર સંસ્થાઓનો ટેકો પ્રાપ્ત થયો છે. આમ છતાં સત્તાધીશો કયાંક ભોળા શહેરીજનોને અંધારામાં રાખીને પોતાના મનસૂબા પાર ના પાડી દે તે હેતુથી વસાહત મહાસંઘ દ્વારા પ્રમુખ કેશરીસિંહ બિહોલાના અધ્યક્ષસ્થાને આજે સવારે સે-૨૨ના પંચેદવ મંદિરના પટાંગણમાં પ્રકૃતિ રક્ષા અભિયાન સાથે ખભેખભા મિલાવી રહેલી સંસ્થાઓના પ્રતિનિધિઓની એક બેઠક યોજવામાં આવી હતી અને આ બેઠકમાં વૃક્ષ છેદન અટકાવવા રાજયપાલને આવેદનપત્ર આપવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો હતો.

શહેરમાં વિકાસ કાર્યોને સહર્ષ આવકાર છે પરંતુ તે પ્રકૃતિના ભોગે નહી તેવા સહજ નિવેદન સાથે આગળ વધી રહેલા પ્રકૃતિ રક્ષા અભિયાનના નેજા હેઠળ ગાંધીનગરમાં બેરોકટોક વધી રહેલા વૃક્ષ છેદનને અટકાવવા રાજયપાલને આવેદનપત્ર આપવા ઉપરાંત બેઠકમાં શહેરની પહેલાની અને હાલની પરિસ્થિતિ પર ચિંતન કરીને શહેરના વિકાસ કાર્યો તથા વસ્તીના આંકડા અને ટ્રાફિકની માત્રા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સાથે બેઠકમાં જનજાગૃતિ માટે પોસ્ટર



અભિયાન અને સોશિયલ મિડીયાનો ઉપયોગ કરી જનમત ઉભો કરવા સાથે વૃક્ષો, બચાવવાના કાર્યમાં તમામ સંસ્થાઓ દ્વારા તન-મન ધનથી સહયોગ આપવાનો અને છેવટ સુધી લડી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમાં શહેરના કોઈ પણ ભાગમાં વિકાસના નામે વૃક્ષોના આડેધડ કાપી નાંખવાના કાર્યનો વિરોધ 'પ્રકૃતિ રક્ષા અભિયાન' અંતગર્ત કરવાનો પણ સમાવેશ થાય છે. બેઠકના અધ્યક્ષ કેશરીસિંહ બિહોલાએ આ અભિયાનમાં પુરો સહકાર આપવાની ખાતરી આપી હતી અને ભાવિ કાર્યક્રમો ઘડી કાઢવા સૂચનો કર્યા હતા. બેઠકમાં પ્રકૃતિ રક્ષા અભિયાનના મેહુલ તુવાર, પ્રજ્ઞેશ જોષી, કનુભાઈ દેસાઈ, અંજનાબેન રાઠોડ, કપિલદેવ પારેખ ઉપરાંત રાજેન્દ્રભાઈ પારેખ, શૈલેષ પટેલ, ગંભીરસિંહ વાઘેલા, કે.આર. પટેલ, રઘુભાઈ રબારી, કાનજીભાઈ દેસાઈ, રાજેશ પ્રજાપતિ, વિઠ્ઠલભાઈ પરમાર, યુસુફ પઠાણ, મહમંદભાઈ ઠેબા, જે.કે. પરમાર, જયેન્દ્રભાઈ ઠકકર, અશ્વિન રાઠોડ સહિત સ્થાનિક વસાહતીઓ જોડાયા હતા.